ગુજરાત સમાચાર

Date: 03 January, 2019 (Gujarat Samachar Ahm. City Pg. No. 03)

# આજના યુગમાં ઈન્ટરડિસિપ્લિનરી ક્ષેત્રે સંશોધન સૌથી મહત્વની જરૂરિયાત છે

## (IIT-Ram) ખાતે નેનો મટીરિયલ, પેટ્રોસ્કોપ, કાર્બન મટીરિયલ્સ જેવા વિષય પર ૧૧૦ સંશોધન પેપર રજૂ કરાયા



### સ્ટોક માર્કેટમાં રોકાણ કરવાની માહિતી આપતું મોડલ તૈયાર કર્યું

વિશ્વના દેશો સ્ટોક માર્કેટના આધારે ચાલતા હોય છે. આ દેશના માર્કેટનાં ચઢાવ-ઉતારમાં કોઈ વ્યક્તિએ ક્યાં રોકાણ કરવું છે તેને ધ્યાનમાં રાખીને એક મોડલ તૈયાર કર્યું છે, જેમાં વિશ્વના એકબીજા દેશના બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને રોકાણ કરવા માટેનું દિશાનિર્દેશ આપવાનું કામ કરે છે.

- મોઇનાક મઇતી, ફાઇનાન્સ, રશિયા

ઇન્સ્ટિટ્યુટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (આઇઆઇટીરામ) ખાતે ૩૨મી ઈન્ડિયન એસોસિએશન ફોર કેનેડિયન સ્ટડીઝ સ્પોન્સ-ડેની ઈન્ડો-કેનેડીયન મલ્ટી ઈન્ટરડિસિપ્લિનરી રિસર્ચ ટ્રેન્ડ એન્ડ પ્રસ્પેક્ટ વિષય પર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. પ્રો.જીતેન્દ્ર શાલીને કહ્યું કે, કેનેડામાં ઈન્ટરડિસિપ્લિનરીમાં સંશોધન વધારે પ્રમાણમાં થાય છે. આજના યુગમાં ઈન્ટરડિસિપ્લિનરી ક્ષેત્રે સંશોધન સૌથી મહત્વની જરૂરિયાત છે. કેનેડામાં ભારત દેશના યુવાવર્ગ માટે રિસર્ચ ક્ષેત્રે ઘણી તકો રહેલી છે અને તેને આવકારે છે. આવનારી પેઢી માટે રિસર્ચ ક્ષેત્રે ખૂબ ઉપયોગી બની રહેશે. કેનેડામાં સ્ટુડન્ટસ પોતાના વિષયમાં સંશોધન કાર્ય કરીને રિસર્ચ ક્ષેત્રે મહત્વની કામ કરે છે.